# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## પરીક્ષા સંબંધિત નિયમો

### (સ્નાતક / અનુસ્નાતક / ડિપ્લોમા અભ્યાસક્રમો માટે)

### (સત્ર પદ્ધતિ માટે)

જૂન 2010થી વિવિધ અભ્યાસક્રમોમાં સત્ર પદ્ધતિનો અમલ શરૂ કરવામાં આવ્યો. આ પદ્ધતિમાં વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે દશ બિન્દુ પદ્ધતિ (10 પોઈન્ટ સિસ્ટમ) અમલમાં છે. પરીક્ષા સંબંધિત નિયમોમાં સમયાંતરે સુધારા-વધારા થતા રહ્યા છે. આ તમામ સુધારા-વધારાને સામેલ કરી એકસાથે નીચે પ્રમાણે રજૂ કરવામાં આવ્યા છે. જેથી પરીક્ષા સંબંધિત અગાઉ થયેલા ઠરાવો રદ ગણવા.

**(A) પરીક્ષા આવેદનપત્ર બાબતે :**

(1) સત્રાંત પરીક્ષા માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં દર્શાવેલી તારીખની સમયમર્યાદામાં આવેદનપત્ર પરીક્ષા વિભાગને પહોંચાડવા.

(2) પ્રથમ સત્રના વિદ્યાર્થીઓના આવેદનપત્ર સાથે સ્થળાંતર પ્રમાણપત્ર/ફેરબદલી પ્રમાણપત્ર અચૂક રજૂ કરવાના રહેશે. અન્યથા તેવા વિદ્યાર્થીનું પરિણામ અનામત રહેશે.

(3) આવેદનપત્રમાં વિદ્યાર્થીએ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં પોતાનું સાચું નામ શાળા છોડ્યાના પ્રમાણપત્ર મુજબ લખવું અને તે પ્રમાણે ગુણપત્ર અને પદવી પ્રમાણપત્ર તૈયાર થશે.

(4) જે સત્રની પરીક્ષા આપવાની હોય તે દરેક સત્રના અલગ અલગ પરીક્ષા આવેદનપત્ર ભરવા. અનુત્તીર્ણ થનાર અથવા અભ્યાસમાં અવકાશ (ગેપ) પડ્યો હોય તો તેવા વિદ્યાર્થીઓએ અગાઉના તમામ સત્ર/સત્રોનાં ગુણપત્રની નકલ અવશ્ય બીડવી. અભ્યાસક્રમમાં અવકાશ પડ્યો હોય તો તે અવકાશના સમયમાં કોઈ અભ્યાસ કર્યો છે કે કેમ તેની લેખિત માહિતી લેવી.

(5) સત્રાંત પરીક્ષા માટે પરીક્ષાર્થીઓની યાદી રજૂ થયા બાદ તેમાં દર્શાવેલી તારીખની મર્યાદામાં પરીક્ષાર્થીએ નામ સુધારવા માટે પરીક્ષા વિભાગનો સંપર્ક કરવો.

(6) જે પાઠ્યક્રમની પરીક્ષા વિદ્યાર્થીએ આપવાની હોય તેનો પાઠ્યક્રમાંક અને તેનું સાચું નામ લખવું.

(7) જે વિદ્યાર્થીઓ સંકુલ/વિભાગના અભ્યાસમાં ચાલુ ન હોય અને પરીક્ષા આપવાની થતી હોય તેવા એક્સ (Ex.) વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભરવા માટે નીચે દર્શાવેલી માહિતી પ્રમાણે જે તે સંકુલ/વિભાગનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| (i) નવેમ્બર/ડિસેમ્બરની સત્રાંત પરીક્ષા માટે | 21થી 30 સપ્ટેમ્બર |
| (ii) એપ્રિલ/મે માસની સત્રાંત પરીક્ષા માટે | 5થી 12 જાન્યુઆરી |

(8) કોઈપણ સત્રની સત્રાંત પરીક્ષા માટે વિદ્યાર્થી આવેદનપત્ર ભરે પરંતુ સંજોગોવસાત્ આવેદનપત્ર મુજબના તમામ પાઠ્યક્રમોની સત્રાંત પરીક્ષા ન આપવાની જાણ પરીક્ષા શરૂ થયા પહેલાં પરીક્ષા વિભાગને કરે તો તેનું આવેદનપત્ર રદ ગણવામાં આવશે અને તેવા વિદ્યાર્થીનો પ્રયાસ ગણવામાં આવશે નહીં.

## (B) મૂલ્યાંકનમાં આંતરિક / બાહ્ય ભારાંક :

(1) દરેક અભ્યાસક્રમમાં પાઠ્યક્રમના સૈદ્ધાંતિક/પ્રાયોગિક મૂલ્યાંકન માટે 40 ટકા આંતરિક તથા 60 ટકા બાહ્ય ભારાંક રહેશે.

(2) સત્રાંત પરીક્ષા 60 ગુણની અને સમય અઢી કલાકનો રહેશે.

## (C) ઉત્તીર્ણ થવાનું ધોરણ :

(1) સ્નાતક, ડિપ્લોમા તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થવા માટેનું જે ધોરણ ચાલતું હોય તે ધોરણ આંતરિક અને બાહ્ય બન્ને મૂલ્યાંકનમાં ઉત્તીર્ણ થવા માટેનું રહેશે. આંતરિક પરીક્ષામાં અનુત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓ બાહ્ય પરીક્ષામાં બેસી શકશે નહીં.

(2) દરેક અભ્યાસક્રમના દરેક સત્રના પાઠ્યક્રમોમાં વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવા માટે લઘુતમ 40 ટકા ગુણ મેળવવાના રહેશે પરંતુ એક વર્ષના અભ્યાસક્રમમાં સત્ર-2ના અંતે, બે વર્ષના અભ્યાસક્રમમાં સત્ર-4ના અંતે અને ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં સત્ર-6ના અંતે અંતિમ પરિણામમાં 50 ટકા થી (5.0 **C.C.G.P.**) ઓછા ગુણ મેળવેલા હશે તો તે વિદ્યાર્થી અનુત્તીર્ણ ગણાશે. આવા કિસ્સામાં વિદ્યાર્થીએ અભ્યાસના સત્રોમાંથી એક, બે કે વધુ પાઠ્યક્રમ પસંદ કરી તેની પરીક્ષા આપી અંતિમ પરિણામ 5.0 કે તેથી વધુ **C.C.G.P.** લઈ જવા તક આપવામાં આવશે. પૂર્તતા થયે પરિણામ જાહેર કરવામાં આવશે.

(3) 40 ગુણના આંતરિક મૂલ્યાંકનમાં 20 ગુણ કસોટી દ્વારા અને બાકીના 20 ગુણનું સતત મૂલ્યાંકન કરવાનું રહેશે. સતત મૂલ્યાંકન માટે જે તે વિભાગ/સંકુલ દ્વારા આયોજન કરવાનું રહેશે. પ્રત્યેક સત્રમાં દરેક પાઠ્યક્રમની 20 ગુણની બે/ત્રણ આંતરિક કસોટીઓ લેવામાં આવશે. તે પૈકીની જે કસોટીમાં વધુ ગુણ મેળવ્યા હશે તે ગુણ (20 ગુણમાંથી) ગણતરીમાં લેવામાં આવશે. જો વિદ્યાર્થી લેવાયેલી કસોટીમાં અનુત્તીર્ણ થાય અથવા કોઈપણ કારણોસર અનુપસ્થિત રહે તો તેની પુનઃ આંતરિક કસોટી લેવામાં આવશે નહીં. જે કસોટીમાં ઉપસ્થિત રહેશે તે કસોટીના ગુણ ગણતરીમાં લેવામાં આવશે. જો વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકનમાં અનુત્તીર્ણ થાય તોપણ પુનઃ આંતરિક કસોટી લેવામાં આવશે નહીં. પરીક્ષા શરૂ થયા પહેલા 10 દિવસ અગાઉ પરીક્ષા વિભાગને આંતરિક મૂલ્યાંકન મોકલી આપવાનું રહેશે.

(4) અભ્યાસના છેલ્લા સત્ર દરમ્યાન નીચે દર્શાવેલ **C.C.G.P.**ના આધારે વિદ્યાર્થીને વર્ગ આપવામાં આવશે.

- 5થી ઓછા : અનુત્તીર્ણ
- 5 - 5.99 : બીજો વર્ગ
- 6 - 6.99 : પ્રથમ વર્ગ
- 7 કે તેથી ઉપર : વિશેષ યોગ્યતા

(5) સમૂહજીવનના મૂલ્યાંકનમાં **A, B** અને **C** પૈકી કોઈ એક શ્રેણી મેળવવામાં સફળ ન થનારા વિદ્યાર્થીને અનુત્તીર્ણ જાહેર કરવામાં આવશે.

(6) ખાસ સંજોગોમાં જરૂરી પુરાવાના આધારે વિદ્યાર્થીને લહિયા(રાઈટર)ની વ્યવસ્થા આપવામાં આવશે. તેવા વિદ્યાર્થી માટે પરીક્ષાની બેઠક વ્યવસ્થા અલગથી ગોઠવવામાં આવશે તથા જે

અભ્યાસક્રમની પરીક્ષા આપવાની હોય તેના કરતા ઓછી લાયકાત ધરાવતા લહિયાની મંજૂરી આપવામાં આવશે. જે તે સંકુલ/વિભાગના વડાએ આ બાબતની ખાતરી કરવાની રહેશે.

**(D) હાજરી બાબત :**

**દરેક પાઠ્યક્રમના લેવાયેલા વર્ગોમાં 80 ટકા હાજરી અનિવાર્ય છે. જે પાઠ્યક્રમના વર્ગોની હાજરી 80 ટકા કરતાં ઓછી હશે તે પાઠ્યક્રમની સત્રાંત પરીક્ષામાં તે વિદ્યાર્થી બેસી શકશે નહીં.**

**(E) દસ બિંદુ પદ્ધતિ (ટેન પોઈન્ટ સિસ્ટમ) પ્રમાણે મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે :**

(1) જે તે અભ્યાસક્રમના કોઈપણ સત્રમાં આવતા પાઠ્યક્રમના સૈદ્ધાંતિક, પ્રાયોગિક તથા શોધનિબંધ/પ્રોજેક્ટનું મૂલ્યાંકન આ પદ્ધતિ પ્રમાણે કરવાનું રહેશે.

(2) કુલ 100 ગુણનો આધાર લઈ આ પદ્ધતિ અપનાવવાની રહેશે. જેમાં 40 ગુણ આંતરિક અને 60 ગુણ બાહ્ય પરીક્ષાના રહેશે.

(3) આંતરિક તથા બાહ્ય પરીક્ષાના કુલ 100 ગુણભારમાંથી પ્રાપ્ત કરેલા ગુણને 10 વડે ભાગવાથી જે મળે તે પાઠ્યક્રમનો પ્રગતિઆંક ગણાશે. એટલે કે.....

પાઠ્યક્રમનો પ્રગતિઆંક = 100 ગુણ (આં. + બા.)માંથી મેળવેલા ગુણ ÷ 10

ઉ.દા. તરીકે કોઈ પાઠ્યક્રમમાં 100 ગુણમાંથી 60 ગુણ મેળવે તો,

પાઠ્યક્રમનો પ્રગતિઆંક = 60 ÷ 10 = 6.0 ગણાશે.

(4) પાઠ્યક્રમના પ્રગતિઆંકને તે પાઠ્યક્રમની ક્રેડિટ વડે ગુણવાથી તે પાઠ્યક્રમ માટે ક્રેડિટ પ્રગતિઆંક ગણાશે. એટલે કે......

પાઠ્યક્રમનો ક્રેડિટ પ્રગતિઆંક = પાઠ્યક્રમનો પ્રગતિઆંક × તે પાઠ્યક્રમની ક્રેડિટ

ઉપરોક્ત પાઠ્યક્રમની ક્રેડિટ 3 હોય તો,

પાઠ્યક્રમનો ક્રેડિટ પ્રગતિઆંક = 6.0 × 3 = 18

(5) ઉપર પ્રમાણે કોઈપણ સત્રમાં આવતા દરેક પાઠ્યક્રમ, શોધનિબંધ, પ્રોજેક્ટ કે પ્રાયોગિક વગેરે માટે પ્રાપ્ત કરેલા ક્રેડિટ પ્રગતિઆંકનો સરવાળો કરવો. આ સરવાળાને તે સત્રની કુલ ક્રેડિટ વડે ભાગવાથી તે સત્રનો ક્રેડિટ પ્રગતિઆંક મેળવી શકાય છે. એટલે કે....

**સત્રનો ક્રેડિટ પ્રગતિઆંક = તે સત્રના સમગ્ર પાઠ્યક્રમોનો કુલ ક્રેડિટ પ્રગતિઆંક ÷ તે સત્રની કુલ ક્રેડિટ**

દા.ત. કોઈ એક સત્રમાં પાંચ પાઠ્યક્રમ આવતા હોય તો, ઉપરની રીત પ્રમાણે દરેક પાઠ્યક્રમ માટે ક્રેડિટ પ્રગતિઆંકનો સરવાળો દા.ત. 175 થતો હોય અને દરેક પાઠ્યક્રમની ક્રેડિટનો સરવાળો 20 થતો હોય તો

સત્રનો ક્રેડિટ પ્રગતિઆંક = 175 ÷ 20 = 8.75

(6) જેમ જેમ સત્ર ઉમેરાય તેમ તેમ એકંદર ક્રેડિટ પ્રગતિઆંક નીચે પ્રમાણે ગણવામાં આવશે. એટલે કે.....

$$\text{એકંદર ક્રેડિટ પ્રગતિઆંક} = \frac{\text{સત્ર-1નો કુલ ક્રેડિટ પ્રગતિઆંક + સત્ર-2નો કુલ ક્રેડિટ પ્રગતિઆંક....}}{\text{સત્ર-1ની કુલ ક્રેડિટ + સત્ર-2ની કુલ ક્રેડિટ.....}}$$

દા.ત. **એક વર્ષના બે સત્રના અભ્યાસક્રમમાં બીજા સત્રમાં બધા જ પાઠ્યક્રમની કુલ 18 ક્રેડિટ હોય**

અને ઉપરની ગણતરી પ્રમાણે સત્રનો કુલ ક્રેડિટ પ્રગતિઆંક 160 હોય તો

એકંદર ક્રેડિટ પ્રગતિઆંક = 175 + 160 ÷ 38 = 8.82

**(F) ગેરવ્યાજબી રીત-રસમ અંગે :**

બાહ્ય પરીક્ષામાં ગેરવાજબી રીત-રસમ માટે વિદ્યાસભાએ નિયુક્ત કરેલી પરીક્ષા શુદ્ધિ સમિતિ તમામ પાસાઓનો અભ્યાસ કરી નિર્ણય લેશે. ગેરવાજબી રીત-રસમના કિસ્સા ધ્યાન પર આવ્યા બાદ દશેક દિવસમાં પરીક્ષા શુદ્ધિ સમિતિ બોલાવવાની રહેશે. પરીક્ષા શુદ્ધિ સમિતિનો નિર્ણય ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની સજા ન કરવી.

પરીક્ષા શુદ્ધિ સમિતિના સભ્યો નીચે પ્રમાણે રહેશે.

(1) પરીક્ષાનિયામક શ્રી - સભ્યસચિવ

(2) ટ્રસ્ટીશ્રી

(3) સંબંધિત વિદ્યાશાખાના ડીનશ્રી

(4) સંબંધિત વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રી

(5) સંબંધિત સંકુલના સંયોજકશ્રી

(6) ગેરવાજબી રીત-રસમનો કિસ્સો જે સંકુલ/વિભાગમાં બન્યો હોય તેના વિદ્યાર્થી પ્રતિનિધિ.

ગેરવાજબી રીત-રસમ કરનારા વિદ્યાર્થીને રજૂઆત/ખુલાસો કરવાની તક આપવામાં આવશે.

**(1) આંતરિક કસોટી માટે :**

**(i)** જે તે અભ્યાસક્રમના સૈદ્ધાંતિક કે પ્રાયોગિક પાઠ્યક્રમ પૈકી જે પાઠ્યક્રમની આંતરિક કસોટીમાં વિદ્યાર્થી ગેરવાજબી રીત-રસમ કરતા પકડાય તો તેવા વિદ્યાર્થીને તે પાઠ્યક્રમની સૈદ્ધાંતિ કે પ્રાયોગિક પૈકી જેમાં પકડાયા હોય તે પાઠ્યક્રમ પૂરતા જ અનુત્તીર્ણ ગણવામાં આવશે. બાકીના પાઠ્યક્રમોની આંતરિક પરીક્ષા આપી શકશે. આ અંગેનો નિર્ણય જે તે સંકુલ/વિભાગના વડા કરશે અને તેની માહિતી પરીક્ષા વિભાગને મોકલી આપશે.

**(ii)** કોઈ પાઠ્યક્રમ એક કરતાં વધુ વિભાગમાં વહેંચાયેલો હોય તોપણ ઉપર મુજબ જ નિયમ લાગુ પડશે.

**(iii)** આંતરિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થી તે પાઠ્યક્રમની સત્રાંત પરીક્ષામાં બેસી શકશે.

**(2) બાહ્ય કસોટી માટે :**

**(i)** જે પાઠ્યક્રમની સત્રાંત પરીક્ષામાં ગેરવાજબી રીત-રસમ કરતા કોઈ વિદ્યાર્થી પકડાય તો તે અભ્યાસક્રમની તે સત્રની તમામ સૈદ્ધાંતિ તથા પ્રાયોગિક બાહ્ય પરીક્ષા રદ ગણવી. આવા વિદ્યાર્થીનો તપાસનિબંધ રદ ગણાશે નહીં.

**(ii)** વિદ્યાર્થીને બે વર્ષની સજા કરવી.

**(iii)** ગેરવાજબી રીતરસમ કરનારા પરીક્ષાર્થી ગૂજરાત વિદ્યાપીઠ કે અન્ય વિશ્વવિદ્યાલયના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગેરલાયક ગણાશે. એ માટે તે વિદ્યાર્થીને સજાના ગાળા દરમ્યાન સ્થળાંતર (માઇગ્રેશન) કે ફેરબદલી પ્રમાણપત્ર (ટ્રાન્સફર સર્ટિફિકેટ) આપવામાં આવશે નહીં.

(iv) વિદ્યાર્થી ઇચ્છે તો સજાનો સમયગાળો પૂરો થયે પરીક્ષા આવેદનપત્ર ભરી પરીક્ષા આપી શકશે.

આંતરિક કે બાહ્ય કસોટીમાં ગેરવાજબી રીતરસમ કરતા વિદ્યાર્થી પકડાય તો તે વિદ્યાર્થીનું કબૂલાતનામું મેળવવું, નિરીક્ષક કે રિલિવર જેમના દ્વારા વિદ્યાર્થી પકડાયેલા હોય તેમની તથા મુખ્ય નિરીક્ષકની નોંધ લેવી. સંયોજક/વિભાગના વડાએ ઉત્તરવહી તથા વિદ્યાર્થીનું કબૂલાતનામું, નિરીક્ષક/રિલિવર તેમજ મુખ્ય નિરીક્ષકની નોંધ પકડાયેલા સાહિત્ય સાથે પરીક્ષા વિભાગને અલગથી મોકલી આપવી.

## (G) ફેરતપાસ/ફેરગણતરી :

(1) માત્ર બાહ્ય પરીક્ષામાં જ ફેરતપાસ/ફેરગણતરીની તક મળશે.

(2) અભ્યાસનાં બધાં જ સત્રોમાં સૈદ્ધાંતિક પાઠ્યક્રમોની ફેરતપાસ/ ફેરગણતરી થઈ શકશે.

(3) ગુણપત્ર મેળવ્યાની તારીખથી 10 દિવસની મર્યાદામાં ફેરતપાસ તથા ફેરગણતરીનું અરજીપત્ર સ્વીકારવામાં આવશે.

(4) ફેરતપાસ તથા ફેરગણતરીની અરજીની છેલ્લી તારીખ સુધીમાં કોઈ વિદ્યાર્થીનું અનામત પરિણામ જાહેર ન થાય તો તે વિદ્યાર્થીને પછીથી ફેરતપાસ કે ફેરગણતરીની તક મળશે નહીં.

(5) પ્રાયોગિક/નિબંધ/પરિયોજના/ક્ષેત્રકાર્ય/કેન્દ્રનિવાસ/પદયાત્રા/ઉદ્યોગ/મૌખિક/સમૂહજીવન/ પ્રવાસ (સમાજકાર્ય માટે)માં ફેરતપાસ કે ફેરગણતરી થઈ શકશે નહીં.

(6) ફેરગતણરીનું કાર્ય પરીક્ષા વિભાગ કરશે.

(7) ફેરતપાસ માટે વિભાગે મોકલાવેલી પરીક્ષક પેનલમાંથી અન્ય પરીક્ષકને નિમણૂક આપીને મૂલ્યાંકન કરાવવામાં આવશે. પ્રથમ પરીક્ષક અને બીજા પરીક્ષકે કરેલા મૂલ્યાંકનના આધારે નીચે પ્રમાણે નિર્ણય કરવામાં આવશે.

(i) પ્રથમ પરીક્ષક અને બીજા પરીક્ષકે આપેલા ગુણના તફાવતની ટકાવારી જો 20 કે તેથી ઓછી હશે તો જે પરીક્ષકનું મૂલ્યાંકન ઊંચું હશે તે માન્ય ગણાશે.

(ii) પ્રથમ પરીક્ષક અને બીજા પરીક્ષકે આપેલા ગુણના તફાવતની ટકાવારી જો 20થી વધુ પરંતુ 40 સુધી હશે તો બંને પરીક્ષકે આપેલા ગુણની સરેરાશ લેવામાં આવશે.

(iii) પ્રથમ પરીક્ષક અને બીજા પરીક્ષકે આપેલા ગુણના તફાવતની ટકાવારી જો 40થી વધુ હશે તો ત્રીજા પરીક્ષકને ઉત્તરવહી મૂલ્યાંકન માટે મોકલી આપવામાં આવશે. ત્રીજા પરીક્ષકની નિમણૂક પણ વિભાગે મોકલી આપેલા પરીક્ષક પેનલમાંથી કરવામાં આવશે.

(iv) ત્રીજા પરીક્ષક જે ગુણ આપે તે પછી ત્રણેય પરીક્ષકોના મૂલ્યાંકનની સરખામણી કરવામાં આવશે. જે બે પરીક્ષકોનું મૂલ્યાંકન નજીક-નજીક હશે તે પૈકી જેમનું મૂલ્યાંકન ઊંચું હશે તે માન્ય ગણવામાં આવશે

## (H) સત્ર બઢતી :

ચાર તથા છ સત્રનો અભ્યાસક્રમો માટે નીચેની શરતોને આધીન સત્ર બઢતી આપવામાં આવશે.

(1) જે વિદ્યાર્થીની નોંધણી પ્રથમ સત્રની સત્રાંત પરીક્ષા માટે થઈ હોય તે બીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(2) જે વિદ્યાર્થીએ પ્રથમ સત્રના બધા જ પાઠ્યક્રમો ઉત્તીર્ણ કર્યા હોય અને બીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ ત્રીજા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(3) જે વિદ્યાર્થીએ બીજા સત્રના બધા જ પાઠ્યક્રમો ઉત્તીર્ણ કર્યા હોય અને ત્રીજા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ ચોથા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(4) જે વિદ્યાર્થીએ ત્રીજા સત્રના બધા જ પાઠ્યક્રમો ઉત્તીર્ણ કર્યા હોય અને ચોથા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ પાંચમા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

(5) જે વિદ્યાર્થીએ ચોથા સત્રના બધા જ પાઠ્યક્રમો ઉત્તીર્ણ કર્યા હોય અને પાંચમા સત્રની સત્રાંત પરીક્ષા માટે નોંધણી કરાવી હોય તેને જ છઠ્ઠા સત્રના અભ્યાસ માટે લાયક ગણાશે.

ટૂંકમાં ત્રીજા સત્રના અભ્યાસ માટે પ્રથમ સત્રમાં, ચોથા સત્રના અભ્યાસ માટે પહેલા અને બીજા સત્રમાં, પાંચમા સત્રના અભ્યાસ માટે પહેલા, બીજા અને ત્રીજા સત્રમાં અને છઠ્ઠા સત્રના અભ્યાસ માટે પહેલા, બીજા, ત્રીજા અને ચોથા સત્રમાં ઉત્તીર્ણ થવું અનિવાર્ય ગણાશે. એટલે કોઈપણ વિષયસત્રમાં એક વખત અનુત્તીર્ણ થયા પછી તે પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકાશે. જો આ સત્રમાં પણ અગાઉના સત્રના પાઠ્યક્રમમાં ઉત્તીર્ણ ન થાય તો પછીના સત્રમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

(6) અભ્યાસના મહત્તમ સમયગાળા અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમ **D.O.No. F/12/1/2015 (CPPII)** તા. 15-10-2015ને ધ્યાને લઈ તે મુજબ અભ્યાસક્રમના મૂળ સમય ઉપરાંત 2 વર્ષનો વધારાનો સમય આપવામાં આવશે. ખાસ કિસ્સામાં જરૂર જણાય તો 1 વર્ષનો મુદતવધારો વિદ્યાસભાની મંજૂરી મેળવીને આપી શકાશે.

અભ્યાસના સમયગાળા દરમ્યાન ગેરવાજબી રીતરસમના કારણે કોઈ વિદ્યાર્થીને સજા થાય તો તે સજાનો સમયગાળો ગણતરીમાં લેવામાં આવશે નહીં.

(7) લાંબી બિમારી, અકસ્માત, નિકટના સ્વજનનું અવસાન જેવા ખાસ કિસ્સામાં વિદ્યાર્થી પરીક્ષા આવેદનપત્ર ભરે અને ગેરહાજર રહે તો તેને પ્રયાસ તરીકે ગણવામાં આવશે નહીં. આ માટે વિદ્યાર્થીએ પરીક્ષા શરૂ થાય તે પહેલા જે તે સંકુલ/વિભાગ દ્વારા પરીક્ષા વિભાગને જાણ કરવાની રહેશે.

**(I) <u>અનામત પરિણામ બાબત :</u>**

(1) નીચે જણાવેલાં કારણોસર વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવશે.

**(i)** સ્થળાંતર પ્રમાણપત્ર (માઇગ્રેશન)/ફેરબદલી પ્રમાણપત્ર/યોગ્યતા પ્રમાણપત્ર બાકી હોય.

**(ii)** સંકુલ/વિભાગ તરફથી મળેલી નોંધને આધારે.

**(iii)** પરિણામ અનામત હોય તો તે જાહેર થયા પછી 60 દિવસમાં અનામત પરિણામ માટેના કારણની પૂર્તતા કરવાની રહેશે. અન્યથા તે અભ્યાસક્રમની પરીક્ષા રદ કરવામાં આવશે. અનુસ્નાતક કક્ષાએ નિબંધમાં સુધારો કરવાનો હોય કે નિબંધ નવેસરથી રજૂ કરવાનો હોય

તેવા સંજોગોમાં વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવાનું બને તો વિદ્યાર્થીને જે સમયગાળો આપવામાં આવે તેમાં પૂર્તતા કરવાની રહેશે. અન્યથા તેનું પરિણામ રદ કરવામાં આવશે.

(iv) કોઈ વિદ્યાર્થી અગાઉના સત્ર/સત્રોમાં અનુત્તીર્ણ હોય પરંતુ અંતિમ સત્રમાં ઉત્તીર્ણ થાય તો તેવા સંજોગોમાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(1) અંતિમ સત્રનું પરિણામ અનામત રાખવું.

(2) અનામત રાખેલું પરિણામ મૌખિક રીતે વિદ્યાર્થીને જણાવવું. જેથી અનુત્તીર્ણ વિદ્યાર્થી પરીક્ષા આવેદનપત્ર ભરી પરીક્ષા આપી શકે. વિદ્યાર્થીને પરિણામ જણાવવામાં આવ્યું છે તેની લેખિત નોંધ મેળવવી.

(3) અગાઉના સત્ર/સત્રોના અનુત્તીર્ણ પરિણામમાં વિદ્યાર્થી જ્યારે ઉત્તીર્ણ થાય ત્યારે તે સત્ર/સત્રો તથા અંતિમ સત્રનું પરિણામ એક સાથે જે તે વર્ષ દરમ્યાન જાહેર કરવું.

(4) જો વિદ્યાર્થી અંતિમ સત્રમાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ હોય તો તેને પ્રથમ પ્રયાસ આપવો.

**(J) સ્થળાંતર, ફેરબદલી તથા યોગ્યતા પ્રમાણપત્ર બાબતે :**

(1) અન્ય વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા, શિક્ષણ સ્નાતક, હિન્દી શિક્ષા સ્નાતક, શારીરિક શિક્ષણ સ્નાતક વગેરે સ્નાતક પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવે તો તેમણે સપ્ટેમ્બરના અંત પહેલા સ્થળાંતર પ્રમાણપત્ર જે તે સંકુલ/વિભાગમાં રજૂ કરવાનું રહેશે.

(2) ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ક્રમ-1માં દર્શાવેલા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવે તો તેમણે સપ્ટેમ્બરના અંત પહેલા ફેરબદલી પ્રમાણપત્ર જે તે સંકુલ/વિભાગમાં રજૂ કરવાનું રહેશે.

(3) ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યા બાદ એક માસમાં પરીક્ષા વિભાગમાંથી યોગ્યતા પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આ માટે જે તે સંકુલના સંયોજકશ્રી/વિભાગના વડાએ વિદ્યાર્થીઓને લેખિતમાં સૂચના આપવાની અને તેનો અમલ થાય તે જોવાનું રહેશે.

ઉપરોક્ત ક્રમ નં.-1, 2 અને 3માં જણાવ્યા પ્રમાણે અમલ ન થાય તો તેવા ખાસ કિસ્સામાં વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવશે.

(4) ગૂજરાત વિદ્યાપીઠના કોઈપણ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અધૂરો અભ્યાસ છોડી સ્થળાંતર પ્રમાણપત્ર કઢાવી લીધા બાદ અન્ય વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)માં પ્રવેશ લીધા બાદ ફરીથી વિદ્યાપીઠમાં અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા માંગે તો તેમને તે અભ્યાસક્રમના પ્રથમ સત્રમાં નવેસરથી નામ-નોંધણી કરાવવાની રહેશે પરંતુ જો અન્ય વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લીધો ન હોય અને સંસ્થાનું સ્થળાંતર પ્રમાણપત્ર પરત કરે તો જે અભ્યાસક્રમ જે સત્રથી અધૂરો છોડ્યો હોય તો તે સત્રમાં નવેસરથી પ્રવેશ આપવામાં આવશે.

(5) ગૂજરાત વિદ્યાપીઠના કોઈ એક શૈક્ષણિક વિભાગના અભ્યાસક્રમનું સત્ર પૂર્ણ કર્યા બાદ અન્ય શૈક્ષણિક વિભાગમાં કોઈ વિદ્યાર્થી પ્રવેશ લે તો તે વિદ્યાર્થીનો અગાઉનો પ્રવેશ સ્થગિત ગણવામાં આવશે અને ફરીથી જ્યારે અભ્યાસક્રમ પૂર્ણ કરવા માંગે ત્યારે જો સમયાવધિમાં હોય તો તેને પ્રવેશ આપવામાં આવશે. અન્ય શૈક્ષણિક વિભાગમાં જે અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો હોય તે ઉત્તીર્ણ

કર્યા બાદ તુરત સ્થગિત કરેલા અભ્યાસમમાં જોડાવાનું રહેશે અને તે વખતે જે અભ્યાસક્રમ ચાલુ હોય તે લાગુ પડશે.

(6) ગૂજરાત વિદ્યાપીઠમાં અથવા ગૂજરાત વિદ્યાપીઠ અને અન્ય વિશ્વવિદ્યાલયનાં કોઈપણ નિયમિત બે અભ્યાસક્રમોમાં સમાંતર અભ્યાસ કરી શકાશે નહીં. જો આ બાબત ધ્યાન પર આવશે તો પછીથી લીધેલો પ્રવેશ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

## (K) પદવી માટે :

(1) દર વર્ષે પહેલી ઓગસ્ટથી અરજીપત્ર ઓનલાઈન (www.gujaratvidyapith.org) ભરવાના રહેશે અને તેની સંપૂર્ણ માહિતી વેબસાઇટ પર મૂકવામાં આવશે.

(2) અનિવાર્ય કારણો સિવાય પદવીદાન સમારંભ દર વર્ષે 18, ઓક્ટોબરના રોજ યોજવામાં આવશે.

(3) પદવી માટે અરજી કરનારે પદવી સમારંભમાં હાજર રહીને જ પદવી લેવાની રહેશે. ગેરહાજર રહેનારને પદવી પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં. વિદેશમાં હોય તેવા ઉમેદવારોને જરૂરી પુરાવા (પાસપોર્ટ, વિઝાની નકલ કે અન્ય) રજૂ કર્યે તેમના વાલીને પદવી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(4) પદવી પેટે ફી ભરી અરજીપત્ર જમા કરાવ્યું હોય પરંતુ અનિવાર્ય કારણોસર પદવી લેવા હાજર ન રહી શકનારા વિદ્યાર્થીએ પછીના વર્ષે નવું અરજીપત્ર ભરવાનું રહેશે અને અગાઉ ભરેલ ફીની પહોંચ રજૂ કર્યેથી અગાઉની ફી ગ્રાહ્ય ગણવામાં આવશે, પરંતુ વધારાના રૂ. 100/- અને અગાઉની ફી તથા હાલની ફીની તફાવતની રકમ ભરવાની રહેશે.

(5) ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વિવિધ પારિતોષિકો સામાન્ય રીતે બે પ્રકારે આપવામાં આવે છે.

(અ) સમગ્ર પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનારા વિદ્યાર્થીને પારિતોષિક તથા

(બ) વિષય/પ્રશ્નપત્રમાં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓને પારિતોષિક.

(6) જો વિદ્યાર્થીએ સમયમર્યાદામાં અરજીપત્ર ભર્યું હોય તો વિદેશથી અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓને પદવીદાન સમારંભ સિવાયના દિવસોમાં પણ પદવી પ્રમાણપત્ર આપવામાં આવશે.

## ☆ પારિતોષિક માટે નિયમો નીચે પ્રમાણે છે.

(1) ગૂજરાત વિદ્યાપીઠના સમગ્ર પદવી (ડિગ્રી) અભ્યાસક્રમોના બધા જ વિષયોમાં તથા તે અભ્યાસક્રમના દરેક સત્રમાં પહેલા પ્રયત્ને ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થી જ પારિતોષિકને પાત્ર ગણાશે.

(2) સ્નાતક કક્ષાએ સમગ્ર પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા કે વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીએ 6.0થી ઓછો એકંદર ક્રેડિટ પ્રગતિઆંક મેળવ્યા હશે તો તે વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

(3) અનુસ્નાતક કક્ષાએ સમગ્ર પરીક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા કે વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીએ 6.0થી ઓછો એકંદર ક્રેડિટ પ્રગતિઆંક મેળવ્યા હશે તો તે વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

(4) જેટલા સત્રનો અભ્યાસક્રમ હોય તેટલા જ સત્રમાં અવકાશ (ગેપ) વગર અભ્યાસ પૂર્ણ કરેલો હોવો જોઈએ.

(5) અભ્યાસક્રમ દરમ્યાન નીચેના કારણોસર વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

- અભ્યાસક્રમના કોઈપણ સત્રમાં કોઈપણ વિષયમાં અનુત્તીર્ણ હોય.
- અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીની હાજરી તથા વર્તણૂક અંગે શિક્ષાત્મક પગલાં લેવાયા હોય તો તે વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.
- અભ્યાસક્રમના કોઈપણ સત્રમાં સમૂહજીવનના મૂલ્યાંકનમાં 'C' શ્રેણી મળી હોય અથવા તેમાં અનુત્તીર્ણ થયેલા હોય.

(6) અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીએ ઉત્તીર્ણ/અનુત્તીર્ણ થયેલા વિષયની ફેરતપાસ કરાવી હોય અને તે પારિતોષિકને પાત્ર થતો હોય તો તેને પારિતોષિક આપવામાં આવશે.

(7) જે તે અભ્યાસક્રમની પરીક્ષા કે વિષયમાં પ્રથમ આવનારા માટેનું પારિતોષિક જે તે અભ્યાસક્રમની અંતિમ (ફાઇનલ) પરીક્ષા પૂર્ણ થયે બધા જ વિષયોનાં સમગ્ર પરિણામ પરથી નક્કી કરવામાં આવશે.

(8) જે તે અભ્યાસક્રમમાં મળતા પારિતોષિક માટે બે કે તેથી વધુ વિદ્યાર્થીઓએ સરખો એકંદર ક્રેડિટ પ્રગતિઆંક મેળવ્યો હોય તો જે વિદ્યાર્થીના અંતિમ પરીક્ષામાં બધા જ વિષયોના બાહ્ય ગુણને ધ્યાનમાં લેવા અને તેમાં વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે.

(9) સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ વિષયમાં મળતા પારિતોષિક માટે બે કે તેથી વધુ વિદ્યાર્થીઓએ સરખો ક્રેડિટ પ્રગતિઆંક મેળવ્યો હોય તો જે તે વિષયના બાહ્ય ગુણને ધ્યાનમાં લેવા અને જો બાહ્ય ગુણ પણ સરખા હોય તો તેના સમગ્ર પરીક્ષામાં વધુ એકંદર ક્રેડિટ પ્રગતિઆંક મેળવનારા વિદ્યાર્થી પારિતોષિકને પાત્ર ગણાશે.

(10) પારિતોષિક મેળવનારા વિદ્યાર્થીને તામ્રપત્ર તથા પ્રમાણપત્ર આપવામાં આવશે.

(11) પારિતોષિક બાબતનો છેવટનો નિર્ણય કુલસચિવશ્રીની દરખાસ્ત પરથી કુલનાયકશ્રી કરશે.